# Day to Day Current Affairs

**9. Feb 2016**

## ૧. નિદા ફાઝલી :

- પ્રસિધ્ધ શાયર નિદા ફાઝલીનું મુંબઇ ખાતે 8 ફેબ્રુઆરીના રોજ અવસાન
- જન્મ : 12 ઓક્ટોબર 1938 - મુળ નામ : મુક્તદા હસન
- નિદા ફઝલીએ તેમના ફિલ્મી કારકિર્દીની શરૂઆત ફિલ્મ રઝિયા સુલ્તાન માટે ગીત લખવાની સાથે કરી હતી.જેના બોલ હતા : 'તેરા હિજ મેરા નસીબ હૈ તેરા ગમ મેરી હયાત હૈ'
- તેમને ભારત સરકાર તરફથી વર્ષ 2013માં પદ્મશ્રી અને વર્ષ 1998માં તેમની રચના 'ખોયા હુઆ સા કુછ' માટે સાહિત્ય અકાદમી એવોર્ડથી સન્માનિત કરાય હતાં.
- તેમની પ્રખ્યાત રચના :

'તેરાહિજ મેરા નસીબ હે તેરા ગમ મેરી હયાત હે'
'હોંશવાલો કો ખબર ક્યાં, બેખુદી ક્યાં ચીઝ હે'
'તુ ઇસ તરહ સે મેરી જીંદગીમે શામીલ હે'
'કભી કીસીકો મુકમ્મલ જહા નહી મિલતા'
'હર તરફ જગહ બેશુમાર આદમી'
'દુનિયા જીસે કહેત હે મિટ્ટી કા ખિલોના'

## ૨. વિવિધ મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર કંપનીઓ સૌને સમાન દરે ઇન્ટરનેટ આપે એવો ટ્રાઇનો મહત્વપૂર્ણ ચુકાદો :

- ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા (ટ્રાઇ)એ 'પ્રોબિહિશનઓફ ડિસ્કિમિનેટરી ટેરીફ ફોર ડેટા સર્વિસ રેગ્યુલેશન – 2016 લાગુ કરીને એક જ ડેટાપેક હેઠળ ઈન્ટરનેટ સમાન દરે આપવાનો ચુકાદો આપ્યો.
- અગાઉ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કંપનીઓની ડિમાન્ડ હતી કે ઈન્ટરનેટ ચાલુ કર્યા પછી તમે એક સાઈટ ઓપન કરો તો તેનો ચાર્જ અલગ અને બીજી ઓપન કરો તો તેનો ચાર્જ પણ અલગ લેવાય.
- ટ્રાઈએ આવુ ના કરતા નેટ ન્યુટ્રાલિટીની તરફેણ કરી છે.
- નેટ ન્યુટ્રાલિટી એટલે શું ? :
- મોબઈલમાં ઈન્ટરનેટ વાપરતી વખતે સર્ફિંગ કરીએ,વોટ્સએપ વાપરીએ,મેઇલ કરીએ, ડાઉન લોડ કરીએ એમ વિવિધ કામના ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર કંપનીઓ પોતાની પસંદ મુજબ પૈસા લેતી હતી.
- પરંતુ એક વખત મોબાઇલમાં ઇન્ટરનેટ ચાલુ કરાવ્યા પછી તેનો વપરાશ ગમે તે હેતુ માટે થાય, વપરાતા મેગાબાઇટ (એમબી) દીઠ ચાર્જ સમાન લગાવો જોઇએ એવી ડિમાન્ડ થઇ રહી છે. એ ડિમાન્ડનું નામ નેટ ન્યુટ્રાલિટી છે.

## ૩. 'મૌની અમાવસ્યા' :

- અલ્હાબાદમાં પ્રયાગ ખાતે ગંગા,યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમ સ્થળે બનાવેલ 17 ઘાટો પર લગભગ સવા કરોડ શ્રધ્ધાલુઓએ પવિત્ર સ્નાન કર્યું.
- 'મૌની અમાવસ્યા' તરીકે જાણીતા આ પર્વની ધાર્મિક માન્યતા મુજબ ભગવાન શ્રીકૃષ્ણે ગાયના સ્વરૂપમાં આવેલા બત્સાસુરનો વધ કર્યો બાદ ગૌહત્યાના પાપમાંથી મુક્તિ મેળવવા આ સ્થળે સ્નાન કર્યું હતું.

## <u>પ્રશ્નો</u>

૧. અવસાન પામેલા નિદા ફાઝલીનું મુળનામ જણાવો.
   - મુક્તદા હસન

૨. નિદા ફાઝલી ક્યાં ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા ?
   - શાયર અને ગીતકાર

૩. નિદા ફાઝલીએ ફિલ્મી કારકીર્દીની શરૂઆત કઇ ફિલ્મ માટે ગીત લખીને કરી હતી ? રઝિયા સુલતાન

૪. નિદા ફાઝલીને તેમની કઇ રચના બદલ વર્ષ 1998માં સાહિત્ય અકાદમી એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતાં? 'ખોયા હુઆ સા કુછ'

૫. પ્રખ્યાત શાયર નિદા ફાઝલીને ભારત સરકાર તરફથી ક્યાં વર્ષમાં પદ્મશ્રી પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતાં? 2013

૬. TRAI નુ પુરૂનામ જણાવો? ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા

૭. TRAI એ નેટ ન્યુટ્રાલિટી માતે ક્યો કાયદો અમલમાં મુક્યો ? 'પ્રોહિબિશનઓફ ડિસ્ક્રીમિનેટરી ટેરિફ ફોર ડેટા સર્વિસ રેગ્યુલેશન 2016'

૮. અલ્હાબાદ ખાતે ગંગા,યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમ સ્થળે કયો પર્વ ઉજવાયો ? 'મૌની અમાવસ્યા'

Vivekanand Academy, Gandhinagar